# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-09-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના પુણેની મુલાકાતેઃ 22 હજાર 600 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.
- વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના માળખામાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સિચાચીન બેઝ કેમ્પની સૌપ્રથમ વાર મુલાકાત લેશે
- જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં 54.11 ટકા મતદાન નોંધાયું
- મુંબઇ અને તેના પરા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદઃ આજે મુંબઇ અને થાણેમાં ભારે વરસાદ માટેનું રેડ એલર્ટ
- ભારતના કમલ ચાવલાનો મોંગોલિયાના ઉલાનબટારમાં IBSF વિશ્વ પુરુષ 6 રેડ સ્નૂકર ચેમ્પિયનશિપમાં વિજય
- *************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.PM – MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના પુણેની મુલાકાત લેશે. ત્યાં તેઓ 22 હજાર 600 કરોડ રૂપિયાથી વધુની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી  જિલ્લા અદાલતથી સ્વારગેટ સુધી શરૂ થનારી મેટ્રો ટ્રેનને પણ લીલીઝંડી આપશે. સુપર કોમ્પ્યુટિંગ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની તેમની  પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રીય સુપર કોમ્પ્યુટિંગ મિશન હેઠળ દેશમાં વિકસિત  આશરે 130 કરોડ રૂપિયાના મૂલ્યના ત્રણ પરમ રુદ્ર સુપર કોમ્પ્યુટર રાષ્ટ્રને સમર્પિત કરશે.

અત્યાધુનિક વૈજ્ઞાનિક સંશોધનની સુવિધા માટે આ સુપર કોમ્પ્યુટર પુણે, દિલ્હી અને કોલકાતામાં સ્થાપિત કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદી હવામાન અને આબોહવા સંશોધન માટે બનાવેલ ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ પ્રક્રિયાનું ઉદ્ઘાટન કરશે. 850 કરોડની આ યોજના હવામાન સંબંધિત એપ્લિકેશનો માટે ભારતની કમ્પ્યુટિંગ ક્ષમતાઓને વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# JAISHANKAR-REFORMING UN

ભારતે આંતરરાષ્ટ્રીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના માળખામાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે ન્યુયોર્કમાં જી-20 દેશોના વિદેશ મંત્રીઓ સાથે વાત કરતી વખતે કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રને ભૂતકાળમાં પ્રતિબંધો હેઠળ રાખવામાં આવ્યા છે અને વિશ્વની સાથે તેનો વિકાસ થવો જોઈએ. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સ્થિરતા જાળવવાના પોતાના લક્ષ્યને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે. જેનાથી વિશ્વ સંસ્થાની અસરકારકતા અને વિશ્વસનીયતામાં ઘટાડો થયો છે.

તેમણે કહ્યું કે ગ્લોબલ સાઉથના અવાજને યોગ્ય મહત્વ  આપવું જોઈએ. ડૉ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્રમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો જેથી કરીને આ સંસ્થાને પ્રતિનિધિ, વિશ્વાસપાત્ર અને અસરકારક બનાવી શકાય. ડૉ. જયશંકરે કહ્યું કે સુરક્ષા પરિષદના સ્થાયી અને ચૂંટાયેલા સભ્યો બંનેનો વિસ્તાર કરવો જોઈએ. મોટા  વિકસિતઅને વિકાસશીલ દેશોના સંગઠન G-20 ના મંત્રીઓની બેઠક સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રથી અલગ યોજાઈ હતી.

# PREZ– SIACHEN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સિયાચીનમાં બેઝ કેમ્પની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ બેઝ કેમ્પમાં તૈનાત સૈનિકો સાથે વાતચીત કરશે.

# EC- J&K

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ગઈકાલે સાંજે 7 વાગ્યા સુધી 54.11 ટકા મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચે કહ્યું કે26 વિધાનસભા મતવિસ્તારો માટેમતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનરજ્ઞાનેશ કુમાર અને ડૉ. સુખબીર સિંહ સંધુએ સુચારૂ મતદાન થાય તે માટે સમગ્ર મતદાન પ્રક્રિયાપર દેખરેખ રાખી હતી.

શ્રીરાજીવ કુમારે કહ્યું કે ખીણ અને પહાડી વિસ્તારોમાં જ્યાં ભયનું વાતાવરણ ઊભું કરીને ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો ત્યાં લોકો હવે લોકતાંત્રિક પ્રક્રિયામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે મતદારોને ભયમુક્ત વાતાવરણ આપવા માટેચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી કુમારે કહ્યું કે મતદાન પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તમામ મતદાન મથકો પર વેબકાસ્ટિંગની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

# JAISHANKAR-UNGA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે રાત્રે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૯મા સત્રથી અલગ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે બેઠક દરમિયાન તેઓએ પરસ્પર સહયોગ અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ડૉ.જયશંકરે ન્યૂઝીલેન્ડના વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સ સાથે પણ મુલાકાત કરી હતી અને કહ્યું હતું કે તેમને મળીને આનંદ થયો.

ડૉ. જયશંકર બેલ્જિયમના પ્રધાનમંત્રી એલેક્ઝાન્ડ્રે ડી. ક્રુ ને પણ મળ્યા હતા અને ઉત્પાદન અને ટેકનોલોજી વિશે ચર્ચા કરી હતી. બંને નેતાઓએ યુક્રેનની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. ડૉ. જયશંકર સામાન્ય સભાથી અલગ ઘણા પ્રતિનિધિઓ અને રાજદ્વારીઓને પણ મળ્યા હતા. જેમાં કઝાકિસ્તાનના વિદેશ મંત્રી નુર્તલુ, મોરોક્કોનાવિદેશ મંત્રી નાસર બૌરીતા અને સ્વિસ ફેડરલ કાઉન્સેલર ઇગ્નાઝિયો કેસીસનો સમાવેશ થાય છે.

# J&KLG-GRATITUDE

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ ગઈકાલે વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ મતદારોને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, તેમણે રિયાસી, પૂંચ, રાજૌરી, ગંદેરબલ, બડગામ અને શ્રીનગરના  મતદારોને અભિનંદન આપ્યા.

શ્રી સિંહાએ જણાવ્યું હતું કે રેકોર્ડ મતદાનએ જીવંત અને પ્રગતિશીલ લોકશાહીનું ઝળહળતું ઉદાહરણ છે. તેમણે બીજા તબક્કામાં તમામ વિધાનસભા મતવિસ્તારોમાં મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન કરાવવામાં ચૂંટણી અધિકારીઓ, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળોના નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# MUMBAI-RED ALERT AND IMD

મુંબઇ અને તેના પરા વિસ્તારોમાં ગઈકાલથી ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે મુંબઇ અને થાણેમાં આજે ગાજવીજ અને વાવાઝોડા સાથે ભારે વરસાદ માટેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. મુલુન્ડ, ભાંડુપ અને અંધેરી સબવે સહિતનાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શહેરનાં અનેક વિસ્તારોમાં ગઈ કાલે વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

બૃહદ ન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન-BMCએ આજે મુંબઇમાં તમામ શાળા-કોલેજો બંધ રાખવાની જાહેરાત કરી છે. બીએમસીએ નાગરિકોને અનિવાર્ય હોય તો જ ઘરની બહાર જવાની વિનંતી કરી છે. દરમિયાન હવામાન વિભાગે અતિભારે વરસાદને પગલે મહારાષ્ટ્રસ, ગોવા, કોંકણ, ગુજરાત, સિક્કિમ અને પશ્ચિમ બંગાળનાં કેટલાંક ભાગોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર, કચ્છ, અરૂણાચલ પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરી છે. ગુજરાત, ઉત્તરાખંડ, પશ્ચિમી મધ્યપ્રદેશમાં આવતી કાલ સુધી ભારે વરસાદની સ્થિતિ રહેશે.

# SNOOKER CHAMPIONSHIP

ભારતના કમલ ચાવલાએ મંગોલિયાના ઉલાનબટારમાં IBSF વિશ્વ પુરુષ 6 રેડ સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી લીધી છે. ચાવલાએ ફાઇનલમાં પાકિસ્તાનના અસજાદ ઇકબાલને 6-2થી હરાવીને તેનો પ્રથમ IBSF વિશ્વ ખિતાબ જીત્યો છે. મલકિત સિંહ, વિદ્યા પિલ્લઈ અને કીર્તન પાંડિયને ત્રણ કાંસ્ય ચંદ્રકો જીત્યા. ચાવલા વર્ષ 2017માં આ ટુર્નામેન્ટનો રનર-અપ હતો. ભારતની વિદ્યા પિલ્લઈએ મહિલા વર્ગમાં સેમિફાઇનલમાં હોંગકોંગની એનજી ઓન યી સામે 2-4ના સ્કોરથી હાર્યા બાદ કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.

# MODI3.0 - GOVERNANCE CITIZENS - 100 DAYS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે તેના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ કર્યા છે. આ સમયગાળા દરમિયાન સરકારે માળખાકીય સુવિધાઓ, ખેડૂતો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનોને ધ્યાનમાં રાખી 15 લાખ કરોડ રૂપિયાની અનેક યોજનાઓનો આરંભ કર્યો છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે રાષ્ટ્રના વિકાસ માટે સુશાસન જરૂરી છે. સરકારે સમૃદ્ધ ભારતનો મજબૂત પાયો બનાવવા માટે અનેક પહેલ કરી છે. સામાજિક, આર્થિક અને ન્યાયિક સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને એક સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવ્યો છે. દેશમાં  ત્રણ નવા ફોજદારી કાયદા ઘડવામાં આવ્યા હતા, જે ગુનેગારને સજા કરી અરજદારને ન્યાય મળે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમ હેઠળ કેન્દ્ર સરકારના 23 લાખ કર્મચારીઓને 50 ટકા પેન્શનની ખાતરી આપી છે.  સરકારે નિવૃત્ત સંરક્ષણ કર્મચારીઓ અને તેમના પરિવારોના કલ્યાણ માટે વન રેન્ક વન પેન્શન યોજનામાં પણ સુધારો કર્યો છે. છેલ્લા 100 દિવસમાં કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોએ 15 હજારથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો જારી કર્યા છે. જાહેર પરીક્ષાઓમાં ગેરવાજબી પ્રથાઓ અને સંગઠિત ગેરરીતિઓને રોકવા માટે જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) અધિનિયમ, 2024 લાવવામાં આવ્યો છે. એક સીમાચિહ્નરૂપ નિર્ણયમાં, સરકારે જમ્મુ કાશ્મીર પ્રદેશના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા અને લોક કલ્યાણયો જનાઓની પહોંચ વધારવા માટે લદ્દાખમાં પાંચ નવા જિલ્લાઓની રચનાને પણ મંજૂરી આપી છે

# PUTIN-NUCLEAR POWER

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે જો કોઈપણ પરમાણુ શક્તિ સંપન્નરાષ્ટ્ર રશિયા પર હુમલો કરનાર દેશને સમર્થન આપે છે તો તેને હુમલામાં સામેલ ગણવામાં આવશે. ગઈકાલે મોસ્કોમાં રશિયાની સુરક્ષા પરિષદની બેઠકમાં, શ્રી પુતિને જાહેરાત કરી હતી કે જો પરમાણુ શક્તિ સંપન્ન દેશના સમર્થનથી કોઈ પણ પરમાણુ રહિત દેશ રશિયા પર હુમલો કરે છે, તો આવી કાર્યવાહીને રશિયન સંઘ પર સંયુક્ત હુમલા તરીકે જોવામાં આવશે.

રશિયન લશ્કરી થાણાઓ પર લાંબા અંતર સુધી હુમલો કરવા સક્ષમ પશ્ચિમી મિસાઇલોનો યુક્રેન દ્વારા ઉપયોગ કરવાની મંજૂરી મેળવવાના પ્રયાસ અંગે આએ ટિપ્પણી કરવામાં આવી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું છે કે તેઓ રશિયાના અંતરિયાળ વિસ્તારોમાં ગોળીબાર કરવા માટે લાંબા અંતરના શસ્ત્રોનો ઉપયોગ કરવા અમેરિકા અને યુરોપમાં તેમના સાથીઓની સંમતિ મેળવવાનો પ્રયાસ કરશે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો

## રજૂ કરે છે અનિલ પટેલ

- પેરાસિટેમોલ સહિત 53 દવાઓ ક્વોલિટી ટેસ્ટમાં નિષ્ફળઃ આ સમાચાર નવ ગુજરાત સમય, દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- સંદેશ અને દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે- દેશનાં એકેય ભાગને પાકિસ્તાન ના કહી શકોઃ સુપ્રીમ કોર્ટ
- કંગના રનૌતે કૃષિ કાયદાને પાછા ખેંચવા અંગે આપેલા નિવેદન બદલ માફી માંગી- આ સમાચારને પણ તમામ દૈનિકોએ સ્થાન આપ્યું છે.
- ભારતની 14 મેનેજમેન્ટ સંસ્થાઓ વિશ્વની શ્રેષ્ઠ એમબીએ સંસ્થાઓમાં સામેલઃ આ સમાચાર નવગુજરાત સમય અને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને લીધા છે.
- દિવ્ય ભાસ્કર અને ગુજરાત સમાચરનો અહેવાલ જણાવે છે- આઇપીઓ ભરતા પગારદાર પેન્શનરોને આવકવેરા વિભાગે ઇ-મેલ પર નોટિસ મોકલી
- ચેસ ઓલિમ્પિયાડના વિજેતા ભારતીય ખેલાડીઓ સાથે પ્રધાનમંત્રી મોદીની મુલાકાતની તસવીર રાજસ્થાન પત્રિકા, અને નવગુજરાત સમયે પ્રકાશિત કરી છે.
- આ ઉપરાંત મુંબઇમાં ભારે વરસાદ, કાશ્મીરમાં બીજા તબક્કાનું મતદાન, ઇઝરાયેલ-લેબેનોન વચ્ચેનો સંઘર્ષ જેવા સમાચારો પ્રકાશિત થયા છે. .